ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૭-૨૦૧૪, શનિવાર

તંત્રી સ્થાનેથી....

ગુરૂ, તારો પાર ન પાયો... ... તસ્મૈ શ્રી ગુરૂવે નમઃ

ગુરૂપૂર્ણિમા એ ચાતુર્માસમાં પર્વો પૈકીનું અત્યંત મહિમાવંતુ પર્વ છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરૂ એ ઈશ્વરની ઓળખ કરાવનારી, જ્ઞાનનો પ્રકાશ આપનારી વિભૂતિ છે. અંધકારમાંથી પ્રકાશ ભણી દોરી જનાર સદ્‌ગુરૂ મળે એવું જીવતર ધન્ય થઈ જાય. કહે છે કે ગુરૂ સામે ચાલીને યોગ્ય શિષ્યને શોધી લેતા હોય છે. ઋષિ સંસ્કૃતિ ધરાવતા આપણા મહાન દેશમાં ધર્માસનનું સ્થાન રાજયાસન કરતાં ઊંચું ગણાતું રહ્યું છે. આપણા અવતારોએ પણ ઋષિઓનાં ચરણ સેવ્યાં છે. ભગવાન રામચંદ્રના કુલગુરૂ વસિષ્ઠ છે અને વરિષ્ઠના પ્રતિસ્પર્ધી રાજર્ષિ વિશ્વામિત્ર એમને યજ્ઞરક્ષાર્થે વનમાં તેડી જાય છે. વાલ્મિકી ગુરૂઓના ગુરૂ બની શકે એવા જ્ઞાની છે. એમણે ભગવતી સીતા અને એમના બે કુમારોને સાચવ્યાં છે. વિચાર કરો : વાલ્મિકી ન હોય તો રામની ઓળખ કોણ કરાવત? ઈશ્વરને પણ એનું ઈશ્વરત્વ સિદ્ધ કરવા ગુરૂનું પ્રમાણપત્ર ખપે છે. વાલ્મિકીકૃત રામાયણ એ મહાકાવ્ય સ્વરૂપે લખાયેલું આવું પ્રમાણપત્ર છે. ગુરૂપૂર્ણિમાને વ્યાસપૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે. ભગવાન કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ એ મહર્ષિ પરાશનના મત્સ્યગંધાના ઉદરે પાંગરેલા પુત્ર છે. મહાભારત એક રીતે જોઈએ તો વ્યાસની જ આત્મકથા છે. 'વ્યાસોચ્છિષ્ટં જગત્ સર્વમ્' - મહાભારત રચીને વ્યાસે આખું જગત એઠું કરી દીધું છે. 'યન્ન ભારતે, તન્ન ભારતે, - અર્થાત્ જે મહાભારતમાં નથી તે દુનિયામાં અન્યત્ર કયાંક નથી! આવા પરમ ગુરૂને પણ નિયતિ તો નડી છે. પોતાનાં જ સંતાનોને એકમેક સામે લડતાં-ઝઘડતાં અને લોહી વહેવડાવતાં તેઓ અટકાવી શક્યાં નથી. આખરે એમને હાથ ઊંચા કરીને પોકાર કરવો પડ્યો : ન કશ્ચિદ્ શ્રૃણોતિ મે! - મને કોઈ જ સાંભળતું નથી! શ્રીકૃષ્ણને જગદ્‌ગુરૂ ગણી એમની વંદના કરાય છે. કૃષ્ણે જીવન રૂપી કુરૂક્ષેત્રમાં જીવ રૂપી અર્જુનને યુદ્ધરત રહેવાનો ઉપદેશ આપ્યો અને એનો વિષાયયોગ સમાપ્ત થયો. કર્મયોગને અને નહીં કે કર્મકાંડને શ્રીકૃષ્ણ મહત્ત્વ આપે છે. ગુરૂઓની ભૂમિ ભારત તરફ મીટ માંડી રહેલી અશાંત દુનિયાને ભારતે વીસમી સદીમાં જે મહાગુરૂ આપ્યા તે મહાત્મા ગાંધી સત્યના સતત પ્રયોગો કરતા રહ્યા છે. ભગવાન બુદ્ધે મૃત્યુને જીતવાના ઉપાય લેખે સંસારત્યાગ કર્યો. પછી જે સત્ય લાધ્યું તે આ : તૃષ્ણા જ બધાં દુઃખોનું મૂળ છે. ભગવાન મહાવીરે ક્ષમા અને અહિંસાનો ઉપદેશ આપી ભટકેલી માનવજાતને સમજાવ્યું કે ભગવાન કયાંક આકાશથી અટકતો નથી. મીણ માટીનો માનવી જ એનાં સત્કર્મોની સીડી ચડતાં ચડતાં પરમાત્મા પદ પ્રાપ્ત કરી શકે છે. વિશ્વના બીજા પ્રદેશોમાં ઈસુ અને મહંમદ પયંગબર જેવા ઓલિયા પાક્યા. સૂફી સંતોની પરંપરા છેક સાંઈબાબા પર્યંત ચાલતી રહી છે. આપણા આદિ શંકરાચાર્ય વેરવિખેર સનાતન ધર્મને એક સૂત્રમાં બાંધવા ચાર ખૂણે ચાર ધર્મપીઠો સ્થાપી. જગદ્‌ગુરૂ શંકરાચાર્ય જેવી ધર્મધુરંધર વિભૂતિ હિંદુ ધર્મના હ્રાસથી વ્યથા અનુભવે ત્યાં સુધી તો ઠીક છે. પરંતુ જે ધર્મમાં વૃક્ષ, પહાડ અને નદી કે ધરતીને પણ પૂજવામાં આવતાં હોય એ ધર્મના અનુયાયીઓને અમુક જ નિયમાવલીમાં બાંધી દેવાની ચેષ્ટા કરે તે ઉચિત નથી લાગતું. સંત કબીર, ગુરૂ નાનક અને ચૈતન્ય મહાપ્રભુ કે નજીકના ભૂતકાળના બજરંગદાસ બાપુ, જલારામ જેવા લોકસંતો લોકહૈયે વસેલા એમની આસ્થા મુજબ એ ગુરૂપૂજા કરશે. ગુરૂનો પાર પામવો અઘરો છે. આપણો દેશ છેલ્લી અર્ધશતાબ્દી દરમિયાન સેંકડો ગુરૂઓની નિકાસ કરી ચૂક્યા છે. ભગવાન રજનીશથી લઈ અક્ષર પુરૂષોત્તમ સંપ્રદાયના પ્રમુખ સ્વામી કે શ્રી શ્રી રવિશંકર કે તલગાજરડાના અદના રામાયણી મોરારિ બાપુ છેક વેટિકન સિટી સુધી ધૂમ મચાવે છે તે હિંદુ સનાતન ધર્મનો દિગ્વિજય નથી તો બીજું શું? ગુરૂપૂર્ણિમાના પાવન પર્વ પ્રસંગે એ તમામ ગુરૂ - મહાત્માઓનાં ચરણોમાં શત-સહસ્ર-કોટિ કોટિ વંદન.

ગૌરી વ્રતને લઈને પ્રેરણા વિદ્યાલયમાં જ્યોતિ મહિલા મંડળે વિવિધ સ્પર્ધાઓ યોજી

ગાંધીનગર, તા. ૧૧

સેક્ટર-૫ માં આવેલ પ્રેરણા વિદ્યાલયમાં જ્યોતિ મહિલા મંડળ દ્વારા ગૌરીવ્રત અને જયા પાર્વતી વ્રત નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

હાલમાં બાળાઓના વ્રત ચાલી રહ્યા છે. ત્યારે વ્રતને અનુલક્ષીને શહેરમાં સેક્ટર-૫ સ્થિત પ્રેરણા વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ માટે મહેંદી સ્પર્ધા, કેશ ગુંથન સ્પર્ધા અને વેશભૂષા હરિફાઈ યોજવામાં આવી હતી. સ્પર્ધા મુખ્ય મહેમાન લતાબેન ચોકસીની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી.

શાળાની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ત્યારે પ્રાથમિક વિભાગમાં મહેંદી સ્પર્ધા અને વેશભુષા સ્પર્ધા યોજવામાં આવી હતી અને માધ્યમિક વિભાગમાં મહેંદી અને કેશ ગુંથન હરિફાઈ યોજાઈ હતી. જેમાં પ્રાથમિક વિભાગ મહેંદી સ્પર્ધામાં પ્રથમ માનસી સુથાર, દ્વિતીય સિઝાન અને તૃતીય આયેશા માછલીયા, વેશભુષા સ્પર્ધામાં પ્રથમ અર્ચના રાજપુત, દ્વિતીય કિંજલ ભરવાડ અને તૃતીય ઝીલ રાવલ આવ્યા હતા.

તેમજ માધ્યમિક વિભાગ મહેંદી સ્પર્ધામાં પ્રથમ હિરલબા રાઠોડ, દ્વિતીય રશ્મિ સોલંકી અને તૃતીય હેમાંગી ડાભી અને કેશ ગુંથન સ્પર્ધામાં પ્રથમ અંજલી કોળી, રશ્મિ સોલંકી અને તૃતીય પાર્વતી ઠાકોર આવી હતી. સ્પર્ધામાં હિતેષીબેન ભટ્ટ, અરૂણાબેન ગજ્જર અને મીનળબેન ઓઝાએ નિર્ણાયકની ભૂમિકા અદા કરી હતી.

વિજેતા થયેલ વિદ્યાર્થીનીઓને શ્રીમતી રક્ષિતાબેન ઉપાધ્યાય તરફથી ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને શ્રીમતી કોકિલાબે ત્રિવેદી તરફથી ફુટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રેરણા વિદ્યાલયના ટ્રસ્ટી શ્રી નરેશભાઈ શાહ તથા પ્રદિપસિંહ બિહોલા તથા આચાર્યા સ્વાતિબા રાઓલે સમગ્ર પ્રેરણા પરિવાર વતી આવી સ્પર્ધાઓ યોજવા બદલ જ્યોતિ મહિલા મંડળનો આભાર વ્યક્ત કર્યો હતો.

હરિની દૃષ્ટિ...

બજેટમાં દવા કરતા ઇન્જેકશન સસ્તા થયા છે, એટલે હવે ઇન્જેકશન જ વાપરીએ છીએ... !!

આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલમાં પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલમાં શાળા પ્રવેશોત્સવ મનાવવામાં આવ્યો હતો. શાળામાં ધોરણ-૧માં નાના-નાના બાળકોને કુમકુમ તિલક કરી પ્રવેશ કરાવવામાં આવ્યો હતો તેમજ ભેટ આપવામાં આવી હતી.

શહેરના સેકટર-૨૩માં આવેલ આર.એન.પટેલ પ્રાયમરી સ્કુલમાં શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ધોરણ-૧માં વિદ્યાર્થીઓને ધોરણ-૮ની વિદ્યાર્થીનીઓએ કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવ્યું હતું. ત્યારબાદ બાળકોને ઉંટલારીમાં બેસાડી ઢોલ નગારા સાથે ફેરવવામાં આવ્યા હતા.

પ્રવેસોત્સવમાં ઉંટલારીમાં બેસવાથી બાળકોના ચહેરા ઉપર હાસ્ય રમતું હતું. એક ખુશી દેખાઈ આવતી હતી. ત્યાર પછી આચાર્ય દ્વારા ટુંકું વકતવ્ય આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ બાળકોને નાસ્તાના ડબ્બા ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા.

રાજયમાં અનુસ્નાતક ઈજનેરી અભ્યાસક્રમમાં ૩૩૬૨ બેઠકોનો વધારો

ગાંધીનગર, તા.૧૧

રાજયના વિદ્યાર્થીઓને ઘર આંગણે જ ઉચ્ચ અભ્યાસક્રમો મળી રહે તે માટે રાજય સરકાર ચિંતિત છે ત્યારે છેલ્લા બે વર્ષમાં રાજયમાં અનુસ્નાતક ઈજનેરી અભ્યાસક્રમમાં ૩૩૬૩ બેઠકોનો વધારો કરાયો છે એમ ઉચ્ચ શિક્ષણ રાજય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ જણાવ્યું છે.

આજે વિધાનસભા ખાતે સયાજીગંજના ધારાસભ્ય શ્રી જિતેન્દ્ર સુખડિયાના રાજયમાં અનુસ્નાતક ઈજનેરી અભ્યાસક્રમમાં બેઠક વધારા અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં કહ્યું કે સ્નાતક અભ્યાસક્રમો ચલાવતી ઈજનેરી કોલેજોમાં જ અનુસ્નાતક અભ્યાસક્રમો શરુ કરવામાં આવશે. છેલ્લા બે વર્ષમાં ૨૪ સ્વનિર્ભર કોલેજોમાં અનુસ્નાતક અભ્યાસક્રમોમાં ઈલેકટ્રીકલ, મીકેનીકલ, સ્ટ્રકચરલ એન્જિનીયરીંગ, કોમ્પ્યુટર ટેકનોલોજી જેવા વિવિધ અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે.

અનુસ્નાતક અભ્યાસક્રમ માટે સરકારી અનુદાનિત કોલેજોમાં વાર્ષિક રૂ. ૧૫૦૦ની ફી તેમજ વિદ્યાર્થીનીઓને સંપૂર્ણ ફી માફી કરવામાં આવેછે. જયારે સ્વનિર્ભર કોલેજોમાં કોલેજની માળખાગત સવલતોના આધારે ફી નિયમન સમિતિ ફીના ધોરણો નક્કી કરે છે. સુરત કામરેજના ધારાસભ્ય શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાના સુરત જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમના પ્રત્યુત્તરમાં શ્રીમતી વસુબેને ઉમેર્યું હતું કે સુરત જિલ્લામાં ૧૧ ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમો સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે. તેમાં ૫૦૦૦ બેઠકો મંજુર થઈ છે અને ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં ૪૭૬૮ ડીગ્રી ઈજનેરી બેઠકો ભરાયેલી છે અને ૨૩૨ બેઠકો ખાલી છે. તેમણે કહ્યું કે સરકારી ઈજનેરી કોલેજોમાં પ્રયોગો માટે લેબોરેટરીને અદ્યતન કરવામાં આવે છે જેમાં ૧૪ કોલેજોમાં કોમ્પ્યુટર સવલતો, જીસ્વાન નેટવર્ક, વિદેશી સંશોધનોની રેફરન્સ બુકો સહિતની સવલતો રૂ. ૨૮ કરોડના ખર્ચે ઉપલબ્ધ બનાવીને પ્રયોગશાળાઓને અદ્યતન બનાવવામાં આવી છે.

ગાંધીનગરના ગૌરવવંતા ગઝલકાર કવિ કિશોર જીકાદરાનું ગઝલ પઠન

ગાંધીનગર, તા.૧૧

સાહિત્ય ક્ષેત્રે ગુજરાતનો વારસો જાળવી અને તેના સંવર્ધન માટે કાર્યરત ગાંધીનગર સાહિત્યસભાનાં સભ્યો દર મહિનાના બીજા રવિવારે સાહિત્ય ગોષ્ઠિ માટે ભેગા થાય છે.

આ વખતે ગાંધીનગર સાહિત્ય સભામાં ગાંધીનગરમાં જ ગૌરવવંતા ગઝલકાર કવિ કિશોર જીકાદરાનાં ગઝલ પઠનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. કિશોર જીકાદરાનો 'અભિવ્યકિત' નામનો ગઝલ સંગ્રહ બહાર પડયો છે અને જે વખણાયો છે સાહિત્યના શિરમોર સમાન 'શબ્દસૃષ્ટિ'માં એમની એક સાથે ચાર ગઝલ પ્રસિધ્ધ થઈ છે અને સાહિત્ય અકાદમીના મહામાત્ર કવિ હર્ષદ ત્રિવેદીએ એમને બિરદાવ્યાં છે.

મોરારીબાપુના અસ્મિતા પર્વમાં તેમને આમંત્રણ હોય છે. કવિલોક, ગઝલ વિશ્વ અને ગુજરાત દિવાળી અંકમાં એમની ગઝલ પ્રસિધ્ધ થતી રહી છે. 'ગાંધીનગર સમાચાર'માં 'આપણો માણસ આવો માણસ' કટાર દ્વારા એમણે લલિત સાહિત્યમાં પણ પ્રદાન આપ્યું છે. હૃદયભિના કિશોર જીકાદરા સામાજીક ક્ષેત્રે પણ કાર્યરત છે અને એટલે જ એમની ગઝલ સૌને સ્પર્શે છે.

એવાં આ ગઝલકારને સાંભળવા રવિવાર દિનાંક ૧૩નાં રોજ બ્રહ્મસમાજ સે-૧૬ ખાતે સાંજે ૫.૩૦ વાગે સૌ સાહિત્યકાર મિત્રો અને ગઝલપ્રેમીઓને હાર્દિક આમંત્રણ સાહિત્યસભાના પ્રમુખ ભરત કવિએ પાઠવ્યું છે. ગાંધીનગરના ગઝલકારને પોંખવા સૌએ અવશ્ય પધારવું.

જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ ૪ જુલાઇના રોજ કયા દેશનો સ્વતંત્રતા દિવસ મનાવવામાં આવ્યો હતો?
→ અમેરિકા

૨. ૨૦૧૪માં સુપ્રીમકોર્ટે કઇ પર્વત શ્રેણી પર થતાં ગેરકાયદેસર ખનિજ ખોદકામ પર પ્રતિબંધ લગાવી દીધો છે?
→ અરવલ્લી

૩. ઇરાકના કયા શહેરમાં ભારતીય નર્સોને આતંકવાદીઓ એ બંધક બનાવી હતી?
→ મોસૂલ

૪. તાજેતરમાં કયા દેશે સાંતિ માટે 'ચાર પાર્ટી વાતચીત' બેઠક બોલાવી હતી?
→ યુક્રેન

૫. તાજેતરમાં છત્તીસગઢ રાજયના ગર્વનર પદે કોની નિમણૂંક કરવામાં આવી છે?
→ રામનરેશ યાદવ

૬. ૨૦૧૪માં આયોજિત ફુટબોલ વિશ્વકપમાં ઘાયલ થવાના કારણે રમતમાંથી બહાર નિકળી જનાર ફાર્વડ નેમાર કયા દેશની ટીમનો ખેલાડી છે?
→ બ્રાઝઇલ

૭. ૨૦૧૪ મહિલા સિંગલનો ખિતાબ કોણે જીત્યો હતો?
→ પેટ્રા ક્વિટોવા

૮. વિમ્બલ્ડન ૨૦૧૪ પુરૂષ વર્ગનો ખિતાબ કયા ખેલાડીએ જીત્યો હતો?
→ નોવાક જોકોવિઝ

૯. ૨૦૧૪માં પશ્ચિમ બંગાળના નવા રાજયપાલ પદે કોની નિયુક્તિ કરવામાં આવી?
→ ડી.વાય. પાટીલ

૧૦. વર્ષ ૨૦૧૪માં અમેરિકાના તટીય વિસ્તારમાં કયા વાવાઝોડાએ ભારે તબાહી મચાઇ હતી?
→ આર્થર

૧૧. તાજેતરમાં ભારતની વિદેશયાત્રાએ આવેલાં વિલિયમ હેગ કયા દેશનાં વિદેશમંત્રી છે?
→ બ્રિટન

૧૨. ૨૦૧૪માં કયારે વિશ્વ તંબાકુ નિરોધ દિવસ કયારે મનાવામાં આવ્યો હતો?
→ ૩૧મી મે

૧૩. ૨૦૧૪માં એમ્બેસેડર કારનું ઉત્પાદન બંદ કરવાનો નિર્ણય કઇ ઉત્પાદન કંપનીએ કર્યો છે?
→ હિન્દુસ્તાન મોટર

૧૪. ૨૦૧૪માં ૬૭મું વિશ્વ સ્વાસ્થ્ય સંમેલન કયા યોજાયું હતું?
→ જીનિવા

૧૫. વર્ષ ૨૦૧૩ પ્રતિષ્ઠિત ફોર્બ્સ મેગેઝીન દ્વારા જાહેર કરવામાં આવેલી વિશ્વની ૧૦૦ સૌથી શક્તિશાળી લોકોની યાદીમાં પ્રથમક્રમ કોને આપવામાં આવ્યો હતો?
→ વ્લાદિમીર પુતિન

૧૬. વર્ષ ૨૦૧૪માં રાષ્ટ્રીય શિક્ષણ સમીટ કયાં યોજાઇ હતી?
→ મહાત્મા મંદિર, ગાંધીનગર

૧૭. ૨૦૧૪માં ગુજરાતના કયા પ્રખ્યાત ફોટોગ્રાફરનું નિધન થવા પામ્યું હતું?
→ પ્રાણલાલ પટેલ

૧૮. ૨૦૧૪માં પ્રાણીઓના રક્ષણ માટે કામ કરતી પેટા સંસ્થા દ્વારા કયા વ્યક્તિને પર્સન ઓફ ધ યરનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો?
→ ડો. શશી થરુર

૧૯. ૨૦૧૪માં પાકિસ્તાનની શરિયત કોર્ટમાં પ્રથમ મહિલા જજ તરીકે કોની નિમણૂંક કરવામાં આવી છે?
→ અશરફ જહાંને

૨૦. વર્ષ ૨૦૧૪માં મિશ્ર ટુરીઝમ ઇન્ટરનેશલનો ખિતાબ કોણે જીત્યો હતો?
→ એન્જેલો ડિઓન

જેનાથી પ્રકાશ મળે, જ્ઞાન મળે, સાચો માર્ગ મળે, ધ્યેય પ્રાપ્તિ થાય તે ગુરૂતત્ત્વ છે

પ્રસંગસર
ગુરૂ-તત્ત્વ અને ગીતા
રજનીકાંત ભટ્ટ

ભગવાન વેદવ્યાસજીના પ્રાગટ્ય દિનને દર વર્ષે ગુરૂપૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરૂનું સ્થાન ઈશ્વર સમકક્ષ છે. ગુરૂ શબ્દ બહુ વ્યાપક અર્થમાં પ્રયોજવામાં આવે છે. પરંતુ ગુરૂપૂર્ણિમાના પરિપ્રેક્ષ્યમાં ગુરૂશબ્દનો અર્થ આધ્યાત્મિક ગુરૂ કરવો જોઈએ. આવા ગુરૂની શ્રેણીમાં મહર્ષિવેદવ્યાસ, આદિ શંકરાચાર્ય અને તેમના જેવા માનવજાતના ઉચ્ચત્તમ માર્ગદર્શક આચાર્યોનો સમાવેશ થાય. ભારતમાં ગુરૂ શિષ્ય પરંપરા યુગોથી ચાલી આવે છે. ગુરૂ કોણ? એ પ્રશ્ન આપણા મનમાં ઉદ્‌ભવે એ સ્વાભાવિક છે. શાસ્ત્રોમાં ગુરૂની વ્યાખ્યાકર્તા કહેવામાં આવ્યું છે કે જે વ્યક્તિ અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશ આણે તે ગુરૂ. અહીં આધ્યાત્મિક સંદર્ભ છે. ગુરૂના વિશેષ લક્ષણો પણ વર્ણવામાં આવ્યા છે. મુંડક ઉપનિષદ કહે છે : ગુરૂ શાસ્ત્રોના જાણકાર હોવા જોઈએ અને બ્રહ્મમાં સ્થિર હોવા જોઈએ. ગુરૂ નિષ્પાય, સંયમી, ધ્યાન અને વિવિધ ઉપાસનાઓમાં સિદ્ધ તેમજ કરૂણા અને પ્રેમની મૂર્તિ હોવા જોઈએ. અહીં આપણે દેવોનાં ગુરૂ બૃહસ્પતિનું સ્મરણ કરીએ. માતા-પિતા, પતિ અને જ્ઞાનની કોઈ પણ શાખાના શિક્ષક પણ ગુરૂ કહેવાય.

ગીતામાં ભગવાન કૃષ્ણનો શિષ્યભાવે આશ્રય લઈને અર્જુન ભગવાનને શિક્ષા આપવા માટે પ્રાર્થના કરે છે. આ રીતે સ્વકલ્યાણની, શ્રેયની જિજ્ઞાસા જાગૃતિ થતાં અર્જુન પોતાને ભગવાન શ્રીકૃષ્ણનો શિષ્ય માને છે. અને આ રીતે ગુરૂ શિષ્ય પરંપરા શરૂ થાય છે. આથી સિદ્ધ થાય છે કે જ્ઞાનપ્રાપ્તિ માટે અને પારમાર્થિક ઉન્નતિમાં ગુરૂનું મહત્ત્વનું સ્થાન છે. જો કે, તીવ્ર જિજ્ઞાસા અને સ્વકલ્યાણની તીવ્ર લાલશા હોવી જોઈએ એ જ અત્યંત આવશ્યક છે. આવા શિષ્યને ભગવાન કૃપાથી મહાત્માઓ, ગુરૂઓ, શાસ્ત્રો વગેરે પાસેથી જ્ઞાન પ્રાપ્ત થાય છે.

ગીતા બાહ્યવિધિઓને એટલું મહત્ત્વ આપતી નથી, જેટલું અંદરના ભાવોને, વિવેકને, બોધને, જિજ્ઞાસાને, ત્યાગને આપે છે. ગીતોનો ઉપદેશ સાર્વભૌમ છે. તેથી, ગીતા સમગ્ર માનવજાતનો ગ્રંથ છે. ગીતાના જ્ઞાનપ્રકરણમાં ગુરૂની સેવા, ઉપાસનાની વાત કરી છે. તેનું કારણ એ છે કે જ્ઞાનમાર્ગી સાધકમાં ''હું બ્રહ્મ છું'' એવું અભિમાન રહેવાની સંભાવના છે. એટલે સાધકને જીવનમુક્ત અને તત્ત્વજ્ઞ ગુરૂની આવશ્યકતા રહે છે.

જો કે, ગુરૂ- શિષ્યના સંબંધથી જ જ્ઞાન થાય છે એવું જોવામાં આવતું નથી. કારણ કે, જે લોકોએ ગુરૂ બનાવી લીધા છે, ગુરૂ-શિષ્યનો સંબંધ સ્વીકાર કરી લીધો છે તે સૌને જ્ઞાન થઈ જ ગયું છે એવું જોવામાં આવતું નથી. પરંતુ તીવ્ર, જિજ્ઞાસા થતાં જ્ઞાન પ્રાપ્ત થાય છે. તીવ્ર જિજ્ઞાસા અને શ્રદ્ધા, વિશ્વાસ થતાં મનુષ્ય વગર સંબંધે ઉપદેશને ધારણ કરી લે છે. ગીતામાં કહ્યું છે કે શ્રદ્ધાવાન જ્ઞાનલાભ કરે છે. ભગવત ગીતાના છઠ્ઠા અધ્યાયમાં ભગવાને અર્જુનને કહ્યું છે કે પોતે જ પોતાનો ઉદ્ધાર કરવાનો છે. ગીતા એ જ્ઞાનમાર્ગીઓ માટે ગુરૂની ઉપાસના બતાવી છે. પરંતુ, કર્મયોગ અને ભક્તિયોગમાં ગુરૂ વગેરેની જરૂર બતાવી નથી. નિઃસ્વાર્થ અને સેવાપરાયણ બનવાની કર્મયોગીને આપમેળે તત્વજ્ઞાન થઈ જાય છે.

જેનાથી પ્રકાશ મળે, જ્ઞાન મળે, સાચો માર્ગ મળે, ધ્યેય પ્રાપ્તિ થાય તે ગુરૂતત્ત્વ છે. તે ગુરૂતત્ત્વ સૌની અંદર બિરાજમાન છે. તે ગુરૂતત્ત્વ જે વ્યક્તિ, શાસ્ત્ર વગેરે તકી પ્રગટ થાય તેને જ પોતાનો ગુરૂ માનવો જોઈએ. ભગવાન જ સૌના ગુરૂ છે કેમ કે સંસારમાં જે કોઈને જ્ઞાન, પ્રકાશ મળે છે તે ભગવાન થકી જ મળે છે. તે જ્ઞાન જયાં જયાંથી, જે જે વ્યક્તિથી પ્રગટ થાય છે અર્થાત જે વ્યક્તિ કે શાસ્ત્ર વગેરેથી પ્રગટ થાય છે તે ગુરૂ કહેવાય છે. ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે હું જ બધા દેવતાઓ અને મહર્ષિઓનો આદિ અર્થાત તેમનો સૃષ્ટિકર્તા, સંરક્ષક અને શિક્ષક છું. અર્જુને પણ ભગવાનની સ્તુતિ કરતાં 'વિશ્વરૂપ દર્શનયોગમાં કહ્યું છે કે ઈશ્વર જ સૌના ગુરૂ છે. આથી, સાધકે ગુરૂની શોધ કરવાની જરૂર નથી. આપણે કહીએ જ છીએ કે ''કૃષ્ણં વંદે જગત્‌ગુરૂમ્'' એટલે કે કૃષ્ણ જગતના ગુરૂ છે અને તેમની વાણી ગીતાને તેમનો મંત્ર, ઉપદેશ માની તેમની આજ્ઞા પ્રમાણે સાધનામાં લાગી જવું જોઈએ, જો ગુરૂની આવશ્યકતા પડશે તો સ્વયં ઈશ્વર પોતે ગુરૂને મેળવી આપશે, કેમ કે, ભક્તોનો યોગક્ષેમનું વહન ભગવાન પોતે કરે છે.

ભગવાન શ્રીરામના ગુરૂ ઋષિ યોગ વસિષ્ઠજી એ સ્વયંમ શાસિત સમાજ નિર્માણ કર્યો હતો

ઉત્તમગ્રંથ યોગવસિષ્ઠ રામાયણ લખનાર આ ગુરૂ વસિષ્ઠને ભગવાને સપ્તર્ષિમાં સ્થાન આપ્યું છે

પ્રસંગસર
ધર્મેન્દ્ર મહેતા

'ગુરૂ બિન જ્ઞાન ન ઉપજે ગુરૂ બિન મિટેન ભેદ
ગુરૂ બિન સંશય ના મિટે જયજયજય ગુરૂદેવ'

આપણી ભારતની સંસ્કૃતિ ઋષિ પરંપરા પર ચાલી રહી છે. સૃષ્ટિમાં જે કોઈ ભાતભાતની જાતી છે. તે બધાના ગોત્ર છે અને તેના ઋષિ છે અને તેમનાં ગુરૂ પણ છે. જેમાં શરૂઆતથી સ્મૃતિકાર, મનુ, યોગીશ્વર, યાજ્ઞવલ્ક્ય, યોગીશ્વરથી યાજ્ઞવલક્ય (ઉત્તરાર્ધ), મહર્ષિ કશ્યપ, મહર્ષિ અત્રિ, વેદવ્યાસ, મહર્ષિ જમદગ્નિ, મહર્ષિ ગૌતમ, આટલા આપણી સંસ્કૃતિનાં મુખ્ય ઋષીવર છે અને તે સમયે મહાનરાજાઓ અને વિભૂતિઓના ગુરૂવર હતા. ઋષીની આંખ સામે સંસારના ઈહપાર લૌકિક કલ્યાણનું સ્પષ્ટ સર્જન હોય છે. તેમાં પણ આજે યોગવસિષ્ઠ એ સમગ્ર માનવના સાચા આપ્તજન છે.

ગુરૂપૂર્ણિમાના પવિત્ર દિને મહર્ષિ વસિષ્ઠ ગુરૂનું પણ મહત્ત્વ અને તેમના કાર્યો અને કથનને યાદ કરાય છે. અને પૂજન થાય છે. આવા મહાન ગુરૂ મહર્ષિ વસિષ્ઠ વિષે થોડીક બાબતોનો અત્રે ઉલ્લેખ કરી માહિતગાર બનીએ. ઋષિ યોગ વસિષ્ઠ મિત્રા વરૂણના પુત્ર હતા, માતાનું નામ ઉર્વશી હતું. પિતા દૈવી સત્ર કરતા જેનાથી લોકો સમાધાની થતા હતા. વરિષ્ઠે કશ્યપની કન્યા અરૂંધતી સાથે લગ્નકર્યા હતા. વસિષ્ઠ મંત્ર વિદ્યા, યજ્ઞ વિદ્યા વગેરેમાં પરિપૂર્ણ અને પૂર્ણજ્ઞાની હતા. સાથે તપસ્વી અને બ્રહ્મર્ષિ હતા. ઋગ્વેદમાં સાતમા મંડળના વસિષ્ઠ દ્રષ્ટા છે. તેમ છતાં વેદોમાં કોઈ જગ્યાએ ઉલ્લેખ કે વસિષ્ઠને ઉર્જા નામની પત્ની હતી પરંતુ વસિષ્ઠ નામની પરંપરા રહી છે.

વસિષ્ઠ પાસે સમગ્ર માનવજાતને બદલવાની શક્તિ હતી. કારણ કે આ ઋષિની બુદ્ધિ ઈશ સમર્પિત હતી. વરિષ્ઠે પ્રચંડ દૈવીકાર્ય કર્યું છે તેમને સામાજશાસ્ત્ર, રાજકારણ, તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ વગેરે બધા જ ક્ષેત્રો આવરી લઈ પારંગત બન્યા હતા. વસિષ્ઠ રાજા નિર્માતા હતા. જયારે રાજય વસિષ્ઠે આખા સમાજમાં દૈવત્વ જાગૃત કર્યું અને તેઓ બધા જ વિષયો ઉપર પ્રભુત્વ ધરાવતા હતા. તેમના ઈન્દ્ર, અગ્નિ, વરૂણ દેવો મિત્ર હતા. જેથી તેમને આખા સમાજનું પુનરૂત્થાન કર્યું હતું.

યોગ વસિષ્ઠજી એ ભગવાન શ્રીરામને આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો અને તેમના ગુરૂ બન્યા. તેમણે લખેલ ગ્રંથ યોગવસિષ્ઠ રામાયણ જેમાં છ પ્રકરણ છે. (૧) વૈરાગ્ય પ્રકરણ જેમાં ૧૫૦૦ શ્લોક છે. (૨) મુમુક્ષ પ્રકરણ જેમાં ૧૦૦૦ શ્લોક છે. (૩) ઉત્પત્તિપ્રકરણ જેમાં ૭૦૦૦ શ્લોક છે (૪) સ્થિતિપ્રકરણ જેમાં ૩૦૦૦ શ્લોક છે (૫) ઉપરામ પ્રકરણ ૫૦૦૦ શ્લોક છે. (૬) નિર્વાણ પ્રકરણ જેમાં ૧૫,૪૦૦ શ્લોક છે. કુલ મળીને ૩૨૦૦૦ શ્લોક છે. આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં છે આ ગ્રંથ વેદાંતના સર્વે ગ્રંથોમાં શિરોમણી છે. કારણ કે આ ગ્રંથમાં આત્મચિંતન, વેદાંત, ધ્યાન અને બ્રહ્મ અભ્યાસ મુમુક્ષ સાધકો માટે જ્ઞાનનો અખૂટ ભંડાર રસ બન્યો છે.

મહર્ષિ વસિષ્ઠ તથા રામચંદ્ર ભગવાન વચ્ચે જે સંવાદ થયો તેની રચના મહર્ષિ વાલ્મિકીજીએ ૩૨૦૦૦ શ્લોકમાં બનાવી છે અને પોતાના શિષ્ય મૂનિ ભારદ્વાજને આ ગ્રંથ કહ્યો હતો. આ ગ્રંથ પવિત્ર ભૂમિ ભારત વર્ષનો અણમોલ પ્રાચીન વારસો છે. યોગ વસિષ્ઠના મને મોક્ષના ચાર દ્વા